# સ્માર્ટ પાટનગરના ગોકુળપુરામાં ઢોરના હવાડામાંથી પાણી ભરવા વસાહતીઓ મજબુર..!!

ગાંધીનગરના 'ક' માર્ગ પર ગોકુળપુરામાં થોડા



દિવસ પહેલા પીવાના પાણીની લાઈનમાં ગટરનું પાણી ભળતું હોવાથી પાણી ડહોળુ અને દુર્ગંધયુક્ત આવતું હોવાની ફરિયાદ ઉઠવા પામી હતી. આ બાબતે આમ આદમી પાર્ટીના વોર્ડ નં. ૬ ના સ્થાનિક ઉમેદવાર ભૂમિબેન રબારી સહિત અન્ય ઉમેદવારો દ્વારા મ્યુનિસિપલ કમિશનરને લેખિત ફરીયાદ આપવામાં આવી હતી તે પછી તંત્ર દ્વારા સમારકામ પણ હાથ ધરાયું હતું. આ સમારકામ પછી ડહોળું પાણી આવવાની સમસ્યા તો ઉકેલાઈ છે પરંતુ પાણીમાં હજુ પણ દુર્ગંધ આવતી હોવાથી તે પાણી પીવાથી ઉબકા-ઉલટી થઈ જતા હોવાની સ્થિતિ યથાવત છે

## પીવાનું પાણી દુર્ગંધયુક્ત આવતું હોવાથી વસાહતીઓની કફોડી સ્થિતિ : આપ પાર્ટીના સ્થાનિક ઉમેદવાર ભૂમિબેન રબારીએ હવાડામાંથી પાણી ભરતા વસાહતીઓની તસવીરો વાઈરલ કરતા ચકચાર

જેના પગલે ગોકુળપુરા વસાહતીઓને ઢોરના હવાડામાંથી પીવાના પાણી ભરવાની ફરજ પડી રહી છે તેવી ચોંકાવનારી તસવીરો સામે આવતા ચકચાર મચી જવા પામી છે.

સ્માર્ટસિટી ગાંધીનગરમાં એક તરફ ગોકુળપુરાના વસાહતીઓને કપરા કોરોનાકાળમાં એક સાથે ૧૦ વર્ષના મિલ્કતવેરાના બિલો પકડાવી દેવામાં આવ્યાં છે પરંતુ બીજી તરફ જીવનજરૂરી પ્રાથમિક સુવિધાઓ જેવી કે પીવાનું પાણી, ગટર, રોડ-રસ્તા વગેરે બાબતે તદ્દન ઉપેક્ષા કરાઈ રહી છે તે પ્રકારના આક્ષેપ સાથે ગોકુળપુરામાં ગંદકીભર્યા માહોલમાં વસાહતીઓ પીવાનું પાણી પણ ઢોરના હવાડામાંથી ભરતા હોવાની તસવીરો ભૂમિબેન રબારી દ્વારા ગોકુળપુરાના ગૃપમાં મુકવામાં આવતા તેના ઘેરા પ્રત્યાઘાતો પડ્યાં છે અને ઝડપથી આ તસવીરો સહિતનો મેસેજ વાઈરલ થતાં સનસનાટી મચી જવા પામી છે. ગોકુળપુરાની બરાબર સામે સરકારે બનાવેલી ફાઈવસ્ટાર હોટલ છે જ્યાં વિકાસની રોશનીનો ઝગમગાટ દુનિયાને આંજી રહ્યો છે પરંતુ 'દીવા તળે અંધારૂ' હોય એમ આ ફાઈવસ્ટાર હોટલની સામે જ ગોકુળપુરા વસાહતમાં નાગરિકોને પીવાનું સ્વચ્છ પાણી ઉપલબ્ધ નથી તેમજ પારાવાર ગંદકી વચ્ચે નાગરિકો રહેવા મજબૂર બન્યાં છે. ભૂમિબેન રબારીએ વાઈરલ કરેલા મેસેજમાં જણાવ્યાં અનુસાર તેમણે ગોકુળપુરામાં એક સાથે ૧૦ વર્ષના મિલ્કતવેરો વસુલવા ફટકારવામાં આવેલી નોટીસો સામે



કોરોના કાળને અનુલક્ષીને માત્ર એક વર્ષનો વેરો લઈ બાકીના વેરા માફ કરવા તા. ૨૯મી જુનના રોજ આવેદનપત્ર આપ્યુ હતુ તેનો પણ કોઈ જવાબ તંત્ર દ્વારા આપવામાં આવ્યો નથી અને જે તંત્ર ૧૦ વર્ષના વેરા માંગે છે તે હજુ સુધી પીવાનું ચોખ્ખુ પાણી કે ગટર, રોડ-રસ્તા જેવી પ્રાથમિક સુવિધા પણ આપી શક્યુ નથી. ગોકુળપુરામાં પાણીનો ફોર્સ પણ ધીમો આવતો હોવાની જુની ફરિયાદ છે જેના કારણે વસાહતીઓને ફરજિયાત મોટર ચલાવવી પડે છે તેમજ ઉભરાતી ગટરોના તુટેલા ઢાંકણા પણ તંત્ર બદલતુ નથી.

### દૂષિત પાણીના કારણે રોગચાળો ફેલાવાની દહેશત

ગોકુળપુરામાં પીવાનું પાણી દુર્ગંધયુક્ત આવતુ હોવાથી વસાહતના મોટા ભાગના પરિવારો બહારથી પીવાનું પાણી મંગાવે છે પરંતુ જે પરિવારો જરૂરિયાતમંદ વર્ગના છે તેમની હાલત ખૂબ જ કફોડી બની રહી છે. એક તરફ ચોમાસાના કારણે ગંદકીનો માહોલ અને તેમાં પણ ઢોરના હવાડામાંથી પાણી ભરવું પડે તેવી સ્થિતિને કારણે આ વિસ્તારમાં રોગચાળો ફેલાવાની દહેશત સર્જાવા પામી છે.

## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



હાશ... આપણને પાંચ કિલો ઘઉં અને કીલો ચોખા તો આપ્યા... હવે ભલેને એ પંદર લાખની વાત કરે..!!

# સરગાસણની બાંધકામ સાઈટ પરથી પ્લમ્બિંગનો સામાન ચોરી કરનાર ટોળકી ઝડપાઈ

### શરણમની સાઈટ પર ગોડાઉનના દરવાજાનું લોક તોડી ચોર શખ્સો સામાન ઉઠાવી રફુચક્કર થઈ ગયા હતા

ગાંધીનગર, તા.૨૮

ન્યું સરગાસણ ટીપી.૯ સ્થિત શરણમ બાંધકામ સાઈટ પર ગોડાઉનના દરવાજાનું લોક તોડી અંદર પ્રવેશી ચોર શખ્સો મોંઘાદાટ જેકવાઆર કંપનીનો પ્લમ્બિંગનો સામાન ચોરી કરીને નાસી ગયા હતા. પ્લમ્બિંગના રૂ.૩.૨૬ લાખના સામાન ચોરીનો ગુનો અડાલજ પોલીસ મથકે નોંધાતા પોલીસે હ્યુમન ઈન્ટેલિજન્સ અને ટેકનિકલ સર્વેલન્સ દ્વારા ગણતરીના સમયમાં ચોર ટોળકીને ઝડપી પાડી ગુનાનો ભેદ ઉકેલી દીધો છે.

મળતી વિગત મુજબ સરગાસણ શરણમ બાંધકામની સાઈટ પરના ગોડાઉનમાંથી ચોર ટોળકીએ બે કોથળા ભરેલ પ્લમ્બિંગનો સામાન અને ૧૭ નંગ બોકસની ચોરી થઈ હતી. જેમાં જેકવાયર કંપનીના અપર પાર્ટ કુલ નંગ.૭૬ કિં.રૂ.૬૦ હજાર, સ્પાઉન નંગ-૧૨૪ કિ.રૂ.૧ લાખ એંગલ કોક નંગ-૨૯૨ કિં.રૂ.૮૭ હજાર, પીલર કોક નંગ-૧૬ કિ.રૂ.૧૭ હજાર તેમજ બિંબ કોક



નંગ-૧૦૪ કિં.રૂ.૬૨ હજાર મળી કુલ રૂ.૩.૨૬ લાખની કિંમતનો સામાન ચોરી થયાની અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ હતી. જેને પગલે અડાલજ પોલીસ મથકના પીઆઈ જે.એચ.સિંધવના માર્ગદર્શન હેઠળ વિવિધ ટીમો બનાવી કાર્યરત કરી દેવામાં આવી હતી. જેમાં હ્યુમન ઈન્ટેલીજન્સ અને ટેકનીકલ સર્વેલન્સ દ્વારા તપાસ શરુ કરવામાં આવી હતી. ત્યારે આ ચોરીને અંજામ આપનાર ટોળકીના ૪ સભ્યોને પોલીસે દબોચી લીધા હતા. પોલીસે ચોર ટોળકી પાસેથી રૂ.૩.૬ લાખનો મુદ્દામાલ પણ કબ્જે કર્યો હતો.

પોલીસે પકડેલા આરોપીમાં પૂનમસિંહ ધીસુસિંહ રાવત, કેતન બાબુનાથ યોગી, લક્ષ્મણ અમરાજી કુમાવત (રહે. વાવોલ મુળ રહે.ભીલવાડા રાજસ્થાન), શંકર પૃથ્વીરાજ રાવ (રહે.ગોકુલપુરા મુળ રહે.ભીડવાડા)નો સમાવેશ થાય છે. આ ટોળકી પેંડલ રીક્ષા લઈને ભંગાર વીણવા નીકળતી હતી. અને વિવિધ જગ્યાએ દુકાનો તેમજ ગોડાઉનની રેકી કરીને રાત્રી દરમિયાન ચોરીને અંજામ આપતા હતા. ત્યારે શરણમ બાંધકામ સાઈટ ખાતે બાઈક પર રેકી કર્યા બાદ પીકઅપ ડાલુ અને બાઈક લઈને આવ્યા પછી રૂ.૩.૨૬ લાખના મુદ્દામાલની ચોરી કરવામાં આવી હતી. પોલીસે ટોળકી પાસેથી સામાન જપ્ત કરી અન્ય ગુના આચરવામાં આવ્યા છે કે કેમ તેની ઝીણવટપૂર્વક તપાસ હાથ ધરી છે.

# ભાજપ મહાનગરના શિક્ષક સેલ અને રમતગમત સેલની જાહેરાત

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર ભાજપ મહાનગર એકમ દ્વારા આજે વધુ બે સેલની રચનાની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં શિક્ષક સેલ અને રમતગમત સેલનો સમાવેશ થાય છે.

ભાજપ મહાનગર એકમના શિક્ષકસેલમાં સંયોજક પદે પ્રદિપભાઈ ગગલાણી અને સહસંયોજક નીલાબેન શુકલના નેતૃત્વમાં સમાવાયેલા સભ્યોમાં શૈલેષભાઈ પંડયા, બળવંતભાઈ કે. દરજી, નીતિનભાઈ વ્યાસ, દિલીપસિંહ પી. ચૌહાણ, જયાબેન પી., તૃષાબેન વ્યાસ અને દેવાંશીબેન ઠાકરનો સમાવેશ કરાયો છે. આ સાથે જાહેર કરવામાં આવેલા રમતગમત સેલમાં સંયોજકપદે ઉલ્લાસ વોરા અને સહસંયોજક પદે ઝરણાબેન પંચાલના નેતૃત્વમાં સામેલ કરાયેલા સભ્યોમાં કાર્તિકભાઈ પરમાર, ગૌરાંગ રાણા, ચિરાગસિંહ રાઓલ આનલબેન રાવલ, હિતેષકુમાર બી. વઘાસીયા, મિહિરભાઈ જોષી અને અપુર્વ પનિકરનો સમાવેશ કરાયો છે.

## ખૂણેખાંચરેથી

- ૨૪ થી ૨૮ ઓગષ્ટ દરમ્યાન વિકાસ સેવા વર્ગ-૨ની ખાતાકીય પરીક્ષાનું આયોજન કરાયું છે.
- ૧ થી ૯ ઓગષ્ટ દરમ્યાન યોજાનાર વિવિધ કાર્યક્રમોના આયોજનને આખરી ઓપ આપવા જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે બેઠક યોજાઈ હતી.
- ધારાસભ્યો અને સંસદ સભ્યોની ગ્રાન્ટમાંથી આરોગ્યના સાધનોની ખરીદી માટે જિલ્લા કલેક્ટરે તબીબી અધિકારીઓની એક ખાસ સમિતિ બનાવી છે.
- રાજયમાં ૧લી ઓગષ્ટના ખાસ વેક્સિન અભિયાનના આયોજન અંગે આજે રાજયના મુખ્ય સચિવ અનિલ મુકીમે જિલ્લાઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરી માર્ગદર્શન આપ્યુ હતુ.
- રાજયના એક ઉચ્ચ અધિકારીએ લખેલા પત્રમાં રહેલી જોડણીની ભૂલોને લઈ આજે સચિવાલયમાં ચર્ચાનો વિષય બન્યો હતો.
- ૪થી ઓગષ્ટના રોજ નારી દિવસની ઉજવણીને લઈ રાજયમંત્રી વિભાવરીબેન દવેએ આજે જિલ્લાઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરી હતી.
- જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે લેન્ડ ગ્રેબીંગ એક્ટની જિલ્લાકક્ષાની બેઠક મળી હતી. આ પછી સીટની પણ મહત્વની બેઠક મળી હતી.
- ગાંધીનગર શહેર ભાજપ દ્વારા શિક્ષક સેલ તેમજ રમત-ગમત સેલની રચનાની જાહેરાત કરવામાં આવી છે.
- રાજ્ય સરકારે કોરોનાના નિયંત્રણો હળવા કરતાં જ સેલ અને પ્રદર્શનોના આયોજનો શરૂ થયા છે.

# ગુજરાત સહિત આંતરરાજયમાં તરખાટ મચાવનાર રીઢો ચોર ઝડપાયો

ગાંધીનગર, તા.૨૮

મહારાષ્ટ્ર, દિલ્હી, રાજસ્થાન સહિત રાજયના પાટનગરમાં તેમજ અડીને આવેલા મહેસાણા તેમજ અમદાવાદમાં



નવા નરોડામાં રહેતો રીઢો ચોર દાગીના વેચવા માટે ગાંધીનગર આવ્યો હતો. તે સમયે એલસીબી પોલીસે તેને પકડી પાડ્યો હતો. મહેસાણા જિલ્લાના કડી સ્થિત મંદિરમાંથી છત્તરની ચોરી કર્યા પછી તેના વેચાણ અર્થે ફરતો હતો તે સમયે સેકટર-૨૧ શાક માર્કેટ ખાતેથી ચોરને એલસીબી પોલીસે ઝડપી પાડ્યો હતો..

સુત્રો મુજબ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમના સભ્યો વિવિધ દિશામાં તપાસ કરી રહ્યા હતા. ત્યારે તેણે પોતાનું નામ ચંદ્રકાંત ઉર્ફે મુન્નો વિનોદભાઈ પરમાર ( રહે સ્વામીનારાયણ પાર્ક નવાનરોડા), હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે તે શખ્સ પાસેથી પોલીસને ચાંદીના ૭ સત્તર મળી રહ્યા હતા. પોલીસે કડકાઈથી પુછપરછ કરતા તેણે ગત તા.૩-૭-૨૧ ના રોજ પોતાની પત્ની ગીરા સાથે બાઈક લઈને મહેસાણા નજીક કડી ખાતે ગયો હતો. જયાં સેફડા ગામે આવેલા ચાંમુડા માતાજીના મંદિરથી છત્તર ચોરી લીધા હોવાનું જણાવ્યું હતું.

મળતી વિગત મુજબ ચંદ્રકાંત રીઢો ચોર છે, તેણે ગાંધીનગર, મહેસાણા, અમદાવાદ અને અરવલ્લી તેમજ રાજસ્થાન, દિલ્હી તેજ મહારાષ્ટ્રમાં અલગ અલગ ગુનાઓ નોંધાયા છે. ચંદ્રકાંત સામે વર્ષ ૨૦૨૦ માં ગાંધીનગરના ઈન્ફોસીટી, ચિલોડા, પેથાપુર,અરવલ્લીના મોડાસા અને મહેસાણાના સાંથલ પોલીસ મથકમાં ચોરી અને પ્રોહિએકટ મુજબ ગુનો નોંધાયો છે. જયારે અમદાવાદ, તેમજ રાજસ્થાનના કોટા, મુબઈ જવેરી બજાર, દિલ્હી કારોલ બાગ, અને આંધ્રપ્રદેશ સોના-ચાંદીના દાગીનાના શો રૂમ પર જઈ નજર ચુકવી ચોરી કરતા હતા.જયારે હાલમાં ચંદ્રકાંત પાસે મંદિરમાંથી ચોરી કરેલાં ચાંદીના છત્તર તેમજ બાઈક મળી કુલ રૂ.૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.



## યોગ ટ્રેનરને તાલીમ કાર્યક્રમ

ગુજરાત રાજય યોગ બોર્ડના યોગ કોચ ભાવનાબેન જોષી દ્વારા યોગ ટ્રેનરને તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો જેમાં અરવિંદ કેન્દ્ર ખાતે વર્ષોથી યોગ શીખવાડતા સૂરી સાહેબ તેમજ બંકિમભાઈ ઉપસ્થિત રહ્યાં હતાં. યોગ ટ્રેનર્સ તાલીમ કાર્યક્રમનો પ્રારંભ હવન યજ્ઞ દ્વારા કરવામાં આવ્યો હતો અને તેના સમાપને યોગિક ગરબાથી ઉજવણી કરવામાં આવી હતી.

## સાદરા ખાતે વિદ્યાપીઠ સંકુલમાં વૃક્ષારોપણ કરાયું

ગાંધીનગર, તા.૨૮

મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા રાષ્ટ્રીય સેવા એકમ અને ઈટીઆઈ તથા માનવ સાધના સેવા ટ્રસ્ટ અમદાવાદના સંયુક્ત ઉપક્રમે ફળાઉ વૃક્ષોનું રોપાણ કરવામાં આવ્યું હતું.

જેમાં કલમી આંબા, લીંબુડી, સેવન, દાડમ, વાંસ, જાંબુ,ચીકુ, જેવા વૃક્ષોનું અને ઔષધીઓમાં તુલસી, ડમરોનું રોપાણ કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં સંકુલના સંયોજક રમેશભાઈ મ. પટેલના માર્ગદર્શક દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. મોતીભાઈ દેવું અને ડૉ. દિવ્યેશ ભટ્ટ, ડૉ. પ્રવીણ દુલેરા તથા માનવ સાધના સેવા ટ્રસ્ટના કાર્યકરો સાથે રહી સમગ્ર કાર્યક્રમ યોજાયો સાથે મદદમાં સંકુલના સલામતી સેવકોનો સહયોગ રહ્યો હતો.

# આસ્થા સેવા યજ્ઞ ગાંધીનગરનો સ્થાપના દિવસ ધામધૂમથી ઉજવશે

### કોરોના વોરીયર્સનું સન્માન, દરેક સેક્ટરમાં કેક કટીંગ - રોશની અને મહાઆરતી જેવા કાર્યક્રમો યોજશે : સ્વૈચ્છિક અને સેવાભાવી સંસ્થાઓને જોડાવા આહ્વાન

ગાંધીનગર, તા.૨૮

આગામી તા. ૨ ઑગસ્ટના દિવસે ગુજરાતના પાટનગર ગાંધીનગર શહેરનો ૫૭મો સ્થાપના દિવસ ઉજવાશે. છેલ્લાં ઘણા વર્ષોથી યુવા દિશા કેન્દ્ર દ્વારા ગાંધીનગર શહેરના સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવે છે જે અંતર્ગત સેવાભાવી સંસ્થાઓ આસ્થા સેવા યજ્ઞ ઉપરાંત ઋષિવંશી સમાજ સેવા ફાઉન્ડેશન, સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા તથા યુવા ફોર ન્યુ ઈન્ડિયા વગેરે તેમાં જોડાય છે. આ વર્ષે પણ ગાંધીનગર શહેરના સ્થાપના દિનની ભવ્ય ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે જેમાં અન્ય સંસ્થાઓ પણ જોડાઈને વિવિધ રચનાત્મક પ્રવૃત્તિઓમાં સામેલ થઈ શકશે.

ગાંધીનગરના સ્થાપના દિન તા. ૨ ઑગસ્ટ નિમિત્તે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરીને ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે જેમાં થીમ સોંગ, ચિત્ર સ્પર્ધા - મારી કલ્પનાનું ગાંધીનગર, ઘેર ઘેર રોશની, વૃક્ષો રોપણ, ૮૦૧ એમ્બ્યુલન્સ લોકાર્પણ, હૉસ્પિટલ અને મુક્તિધામના સ્ટાફનું કોરોના વૉરીયર્સ તરીકે સન્માન, દરેક સેકટરમાં બેનર-માઈક સહિતની સુવિધા સાથે કેક કટીંગ, બાળકોને નાસ્તો અને રાત્રે મહાઆરતી જેવા કાર્યક્રમો સાથે ઉજવવાનુ નક્કી કરવામાં આવ્યું છે. આ ઉજવણીમાં આસ્થા સેવા યજ્ઞ સાથે જોડાવવા માંગતી વિવિધ સંસ્થાઓ, સેવાકીય સસ્થાઓ, સ્વૈચ્છિક સેવાકીય સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓ, સામાજિક સંસ્થાઓ તથા વિવિધ પ્રકારના મંડળો સહિત જોડાવા ઈચ્છિતી સંસ્થાઓ આસ્થા સેવા યજ્ઞનો મો.નં.૭૦૧૬૬ ૧૯૯૧૯ પર સંપર્ક સાધી શકશે.

## ગુજરાત રાજયમાં સિઝનનો ૩૪.૬૦% વરસાદ વરસ્યો

રાજ્યમાં અત્યાર સુધીમાં સિઝનનો ૩૪.૬૦ % વરસાદ વરસ્યો છે. ૨૮ જિલ્લાના ૧૨૨ તાલુકામાં વરસાદી માહોલ છવાયો હતો. રાજ્યમાં ૨૪ કલાક દરમિયાન સવાથી અડધો ઈંચ વરસાદ વરસ્યો છે. રાજ્યમાં સતત બીજા દિવસે વરસાદનું જોર ઘટ્યું છે. ૨૪ કલાકમાં ડોલવણ અને બારડોલીમાં ૨૯ મિમી વરસાદ, સાપુતારામાં ૧ ઈંચ, આહવામાં ૧ ઈંચ વરસાદ નોંધાયો હતો. ત્યારે હવામાન વિભાગની આગાહી પ્રમાણે, ૩૦ જુલાઈ સુધી ભારેથી અતિ ભારેની વરસાદીની આગાહી છે.

# ઝલક-ઈ મેગેઝીનના વર્ષા પર્વના વિશેષાંકનું વિમોચન

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર સાહિત્ય સભા હવે પ્રત્યેક મહિને એમનું ઈ મેગેઝીન ઝલક પ્રકાશિત કરે છે. ત્યારે આ વખતે વર્ષા પર્વ વિષય સાથે આ મેગેઝીન શણગારવામાં આવ્યું છે. ગાંધીનગર સાહિત્યસભા હવે યુવાન લેખક અને વરિષ્ઠ સાહિત્યકાર સાથે તાદામ્ય સાધી નવીન વિષય સાથે સર્જન ક્ષેત્રે કાર્યરત છે. ગાંધીનગર સાહિત્ય સભાના યુવા કારોબારી સભ્ય અજય રાવલ ઝલક મેગેઝીન તૈયાર કરવામાં ખૂબ મહેનત કરે છે. "પહેલો



વરસાદ આવે ત્યારે"માં સંજય થોરાતે ઝલક ઈ-મેગેઝીનમાં ખુબ સરસ વાત કરી છે અને આ વખતે નેહલ ગઢવીના હસ્તે ઝલક ઈ-મેગેઝીનને પ્રકાશિત કરાયુ હતુ. જેમાં ખુબ જ રસપ્રદ સર્જકોએ રચનાઓની હેલી કરી છે. આ ઈ-મેગેઝીન માટે સલાહકાર કવિ કિશોર જિકાદરા, મહામંત્રી રમેશ ઠક્કર, ઉપાધ્યક્ષ કલ્પેશ પટેલ સાથે કવિ રમણભાઈ વાઘેલા, અશ્વિન ત્રિવેદી, ઉમંગ વસાણી, નેહલ ગઢવી સૌએ આનંદ અને રાજીપો વ્યક્ત કર્યો છે.


## જાહેર નિવિદા સને ૨૦૨૧-૨૨

નાયબ કલેક્ટરશ્રી, સ્ટેમ્પ ડ્યુટી મુલ્યાંકન તંત્ર, હિંમતનગર, જી. સાબરકાંઠા, ઠે. જિલ્લા સેવા સદન, 'બ્લોક-એ', બીજો માળ, હિંમતનગર-૩૮૩૦૦૧. ફોન નં. ૦૨૭૭૨-૨૪૬૨૩૮. અત્રેની કચેરી દ્વારા કચેરીની જીપ્સી ગાડી નં. GJ.1G.2934 જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં જાહેર હરાજી તા. ૨૧/૮/૨૦૨૧ના રોજ ૧૩-૦૦ કલાકે રાખેલ છે. જાહેર હરાજીની વિગતવાર માહિતી અને શરતો કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકેલ છે.

સહી/-
નાયબ કલેક્ટર
નામાનિ/હિંમત/૨૨૯/૨૦૨૧ સ્ટેમ્પ ડ્યુટી મુલ્યાંકન તંત્ર, હિંમતનગર